**ચોમાસામાં સલામત રહોઃ એમજીવીસીએલની તેના સૌ ગ્રાહકોને શુભેચ્છા**

# જીવન જીવવા માટે વરસાદ અને સૂર્યપ્રકાશ જરૂરી છે.
# અને
# એ માટે ચોમાસામાં સલામતી માટે ફક્ત થોડી સાવચેતી રાખવી જરૂરી છે.




**ઉનાળાના ગરમીના દિવસો પછી ઠંડકની અનુભૂતિ થઇ રહી છે, મેઘધનુષ આકાર લઇ રહ્યાં છે. કુદરત લીલોતરી પાથરી રહી છે અને દિવસો આહ્લાદક લાગવા માંડયા છે. ત્યારે મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ તરફથી ભારે વરસાદ/પૂર કે વાવાઝોડાની પરિસ્થિતિમાં માનવંતા ગ્રાહકોને વીજ પ્રવાહને લીધે થતા અકસ્માત નિવારણ માટે નીચે મુજબની સાવચેતી રાખવા સુચિત કરવામાં આવે છે.**

- વીજ મીટરને પાણી ન લાગે તેની સાવચેતી લેવી તથા ઘરના તમામ વાયરીંગને પણ પાણી ન લાગે તે તકેદારી રાખવી.
- વીજ મીટર પર પાણી પડતું હોય કે પાણી ભરાતું હોય તો તાત્કાલિક મેઇન સ્વીચ બંધ કરી દેવી તથા અનુભવી ઇલેક્ટ્રીશીયનને બોલાવી જરૂરી સમારકામ કરાવ્યા પછી જ મેઇન સ્વીચ ચાલુ કરવી.
- જો આપ મીટર બોક્સ શેરીદિવાબત્તી, ડિસ્ટ્રીબ્યુશન બોક્સ, કે ટ્રન્સફોર્મર પર તણખા ઝરતા જુઓ તો તાત્કાલિક એમજીવીસીએલની નજીકની કચેરીને જાણ કરો.
- હંમેશા ફ્રેશ બેટરીવાળી ટોર્ચ હાથવગી રાખો.
- વરસાદના સમયે અંધારામાં બહાર નીકળો ત્યારે હંમેશા ટોર્ચ સાથે રાખો.
- વીજ પ્રસ્થાપનનું ક્યારેય જાતે સમારકામ ન કરો, અનુભવી ઇલેક્ટ્રીશીયન પાસે જ સમારકામ કરાવો.
- ભીના હાથે ક્યારેય ગીઝર, મિક્ષ્ચર, વોશિંગ મશીન, સ્વીચ બોર્ડ અને પ્લગની સ્વીચ ચાલુ કે બંધ ન કરો.
- જનરેટર/ઇનવર્ટરનું યોગ્ય અર્થિંગ કરવામાં તેની ચોક્સાઇ રાખો.
- જ્યારે પણ બાલ્કની/ટેરેસ પર કપડા સૂકવવાનાં હોય, કે બહારની દીવાલ પર ચૂનો કરવાનો હોય, ત્યારે વીજ લાઇનથી સલામત અંતર રાખો.
- વીજ થાભલા સાથે કે તેની નજીક પાલતુ પ્રાણીઓ બાંધવા નહીં.
- વીજ થાંભલા સાથે કે વીજ લાઇનની નજીક કપડાં સુકવવાની દોરી બાંધવી નહીં.
- વીજ લાઇન પર પડેલ કોઇપણ વસ્તુ ખસેડવા પ્રયત્ન ન કરો. નજીકની એમજીવીસીએલની કચેરીને જાણ કરો.
- જે જગ્યાએ વીજ થાંભલાની આજુબાજુ પાણી ભરાયેલાં હોય ત્યાં ઊભા ન રહો ત્યાં વીજકરંટ ને લીધે વીજ અકસ્માત થઇ શકે છે.
- તુટી પડેલા વીજતારને અડકશો નહીં, પરંતુ નજીકની મધ્ય ગુજરાત વીજ કંપની લિ. ની કચેરીને જાણ કરશો.
- જીવન કિંમતી છે, સાધારણ નિષ્કાળજીને લીધે અકસ્માત થઇ શકે છે.

**મધ્ય ગુજરાત વીજકંપની લિમિટેડ**